Extra No. 163

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVII ]** **SATURDAY, JUNE 20, 2026 / JYAISTHA 30, 1948**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**
**જાહેરનામુ**

**વંચાણે લીધા:-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), અરવલ્લી-મોડાસાના જા.નં. પીબી/૧૨૮૦/૨૦૨૬,તા.૧૬/૦૪/૨૦૨૬

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) નો ખંડ (ખ)

(૩) અત્રેની કચેરીના પત્ર નં.એમ.એ.જી/વશી/૨૩૬/૨૦૨૬,તા.૧૨.૦૫.૨૦૨૬

(૪) પોલીસ અધિક્ષકશ્રી,અરવલ્લી-મોડાસાનાઓના પત્ર ક્રમાંક:LIB/વાહન ડાયવર્ટ/૮૫૬/૨૦૨૬,તા.૧૯.૦૫.૨૦૨૬

(૫) સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મોડાસાનાઓના પત્ર નં.એમ.એ.જી./અભિપ્રાય/ વશી/૨૯૭/૨૦૨૬, તા.૧૦.૦૬.૨૦૨૬

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)ના ખંડ(ખ) અન્વયે**

નં.એમ.એ.જી./જાહેરનામું/વશી/૩૯૨ થી ૪૦૭/૨૦૨૬ - કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ),અરવલ્લી મોડાસાનાઓએ વંચાણે લીધેલ પત્ર-(૧)ની વિગતે અણસોલ-દહેગામડા-મોટા કંથારીયા રોડ કી.મી.૦/૦૦ થી ૧૩/૦૦ માં રોડનું માર્ગ પહોળીકરણ તથા સુધારણા કામ હાલમાં પ્રગતિમાં છે અને તેના અનુભાગ કી.મી. ૦/૦ થી ૪/૫૦૦ સુધીમાં નાળાના પહોળો કરવાનું કામ કરવાનું થાય છે.પરંતુ બાજુમાં ડાયવર્ઝન આપી શકાય એવી પરિસ્થિતિ ન હોઈ આ કામગીરી દરમિયાન સદર માર્ગ પર વાહન વ્યવહાર ચાલુ રાખવો મુશ્કેલ તથા જોખમભર્યો બનશે, તેથી સદર અનુભાગનો ટ્રાફિક જાહેર સલામતી તથા વાહન વ્યવહારને સુવ્યવસ્થિત રાખવા માટે તા.૦૧/૦૫/૨૦૨૬ થી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધી (અંદાજે બે મહિના) માટે ટ્રાફિકને સદર માર્ગ પરથી અવર-જવર માટે વૈકલ્પિક રસ્તો અણસોલ થી સામેડા થી દહેગામડા રોડનો ઉપયોગ અર્થ જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત રજુ કરેલ છે.

સદર દરખાસ્ત બાબતે રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવાનું થતું હોઈ વંચાણે લીધેલ-૨ અન્વયે કાર્યવાહી કરવી જરૂરી જણાતી હોઈ વંચાણે લીધેલ પત્ર-૩ થી સંબંધિત અધિકારીશ્રીઓના અભિપ્રાય મંગાવવામાં આવેલ. જે અન્વયે સંબંધિત અધિકારીઓ દ્વારા વંચાણે લીધેલ પત્ર-૪ અને ૫ થી હકારાત્મક અભિપ્રાય રજુ થયેલ છે.જે ધ્યાને સદર જાહેરનામું બહાર પાડવુ ઉચિત જણાય છે.

વાસ્તે હું મિલિન્દ બાપના,આઈ.એ.એસ.,જિલ્લા મેજિસ્ટ્રેટ,અરવલ્લી-મોડાસા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) ના ખંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ અણસોલ-દહેગામડા-મોટા કંથારીયા રોડ અનુભાગ કી.મી સુધીમાં નાળાના પહોળો કરવાનું કામ કરવાનું થાય છે. પરંતુ બાજુમાં ડાયવર્ઝન આપી શકાય એવી પરિસ્થિતિ ન હોઈ આ કામગીરી દરમિયાન સદર માર્ગ પર વાહન વ્યવહાર ચાલુ રાખવો મુશ્કેલ તથા જોખમભર્યો બનશે, તેથી સદર અનુભાગનો ટ્રાફિક જાહેર સલામતી તથા વાહન વ્યવહારને સુવ્યવસ્થિત રાખવા માટે તા.૧૮/૦૬/૨૦૨૬ થી તા.૧૭/૦૮/૨૦૨૬ સુધી (૬૦ દિવસ) માટે ટ્રાફિકને સદર માર્ગ પરથી અવર-જવર માટે વૈકલ્પિક રસ્તો અણસોલ થી સામેડા થી દહેગામડા રોડનો ઉપયોગ કરવા હુકમ કરુ છું.

વધુમાં, ટ્રાફિક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને રાદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે.અગત્યના સ્થળોએ ટ્રાફિક પોઈન્ટ નિયત કરી વોકી-ટોકી સેટ સાથે ટ્રાફિક કર્મચારીઓ મૂકવાના રહેશે.તેમજ જરૂરી સાઈન બોર્ડ સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે જાહેરનામાની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એકતરફી ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ ૧૮મી જૂન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**મિલિન્દ બાપના**
જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

---


Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.11 14:43:42 IST